# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર




### કપડવંજમાં ચાર કિલોમીટર સુધી ધરા ધ્રૂજી, ૫૦૦ મીટર દૂર પતરા ઉડ્યા : તંત્રની રહેમનજરે ૨ વર્ષથી ચાલતા કાળા કારોબારનો પર્દાફાશ

# ‘મોતનો સામાન’ બનાવતી ફેક્ટરીમાં વિસ્ફોટ : ૨ ગંભીર









**કપડવંજની** ગેરકાયદે ફેક્ટરીમાં ૨૦૦ કિલો બારૂદ અને જ્વલનશીલ કેમિકલનો જથ્થો હોવાની આશંકા

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૭

કપડવંજમાં ડમ્પિંગ સ્ટેશન સામે રહેણાંક વિસ્તારની નજીક ધમધમતી એક ગેરકાયદેસર વિસ્ફોટકની ફેક્ટરીમાં શનિવારે સવારે ૯:૩૦ કલાકે થયેલા પ્રચંડ બ્લાસ્ટે સમગ્ર પંથકને હચમચાવી દીધો છે. આ વિસ્ફોટ એટલો ભયાનક હતો કે તેનો અવાજ ચાર કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો અને આસપાસના ૧ કિલોમીટરના વિસ્તારમાં મકાનોની બારીઓના કાચ તૂટી ગયા હતા. આ દુર્ઘટનામાં ૬ લોકો ઘાયલ થયા છે, જેમાંથી બે શ્રમિકોની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. તંત્રની ઘોર નિષ્ક્રિયતા અને ભ્રષ્ટાચારના કારણે આ મોતની ફેક્ટરી બે વર્ષથી છડેચોક ચાલતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

કપડવંજના ગરોડ નાકા પાસે શનિવાર સવારે એક ગેરકાયદેસર દારૂખાનાની ફેક્ટરીમાં ભયંકર બ્લાસ્ટ સાથે આગ ફાટી નીકળતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. સવારે 9:30 વાગ્યાની આસપાસ થયેલો આ વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે તેના અવાજ દૂર-દૂર સુધીના ઘરોમાં સંભળાયા હતા અને આકાશમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. આ દુર્ઘટનામાં ફેક્ટરીમાં કામ કરી રહેલા અંદાજે 4 થી 5 શ્રમિકો ગંભીર રીતે ઘાયલ થતા તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

કપડવંજના ગરોડ રોડ પર રહેણાંક વિસ્તારમાં આવેલી આ ફેક્ટરીમાં ફટાકડા બનાવવાની કામગીરી ચાલી રહી હતી ત્યારે અચાનક પ્રચંડ ધડાકા સાથે આગ લાગી હતી. આસપાસના રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો હતો અને મોટી સંખ્યામાં લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા. હાજર લોકોએ તંત્ર સામે ગંભીર સવાલો ઉઠાવતા પૂછ્યું હતું કે, આટલી મોટી દારૂખાનાની ફેક્ટરી ધમધમતી હતી ત્યારે તંત્ર આંધળું હતું કે પછી જાણી જોઈને આંખ આડા કાન કરવામાં આવતા હતા ?

આ ઘટનાની ગંભીરતાને જોતા ધારાસભ્ય રાજેશ ઝાલા, પ્રાંત અધિકારી, રેવન્યુ વિભાગ, પોલીસ તેમજ નગરપાલિકાનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અધિકારીઓએ રાહત કાર્યોની સાથે સ્થળ તપાસ શરૂ કરી છે. પ્રાંત અધિકારી અને પોલીસ તંત્ર દ્વારા આ બનાવ માટે જવાબદાર લોકોને ઝડપી પાડી કડક કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી છે. હાલમાં આ ફેક્ટરી અને જગ્યા કોની માલિકીની છે તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે.

પ્રાથમિક વિગતો મુજબ, ફેક્ટરીમાં અંદાજે ૨૦૦ કિલો જેટલો બારૂદનો જથ્થો હોવાનું કહેવાય છે. આશ્ચર્યની વાત એ છે કે આગની ઘટના બાદ પણ સ્થળ પર ‘નાઈટ્રો સેલ્યુલોઝ’ જેવો અત્યંત જ્વલનશીલ પદાર્થ મોટા પ્રમાણમાં મળી આવ્યો છે, જેનો ઉપયોગ ફટાકડાની દિવેટ બનાવવા માટે થતો હોય છે. જો આ જથ્થામાં વિસ્ફોટ થયો હોત તો જાનહાનિનો આંકડો વધી શક્યો હોત.

### અગાઉના બ્લાસ્ટમાં પિતાનું મોત થયું છતાં લાલચ ન છૂટી

ફેક્ટરીનો માલિક મિતુલ પટેલ અગાઉ પણ આવા જ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. ૭ વર્ષ પહેલા અમદાવાદ-ખેડાની સરહદ પર તેની ફેક્ટરીઓમાં બે વાર વિસ્ફોટ થયા હતા, જેમાં એક દુર્ઘટનામાં તેના પોતાના પિતાનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આમ છતાં, તેણે તંત્રની મિલીભગતથી મોતનો આ ખેલ ચાલુ રાખ્યો હતો. હાલમાં તે ફરાર છે અને પોલીસ તેના રહેઠાણો પર દરોડા પાડી રહી છે.

હજુ બે દિવસ પહેલા જ ખેડા SOG એ વસોમાંથી ગેરકાયદે ફટાકડાનું કારખાનું પકડ્યું હતું, છતાં કપડવંજમાં આટલું મોટું નેટવર્ક તંત્રની નજર બહાર રહ્યું તે ગુપ્તચર વિભાગ અને પોલીસ પેટ્રોલિંગની ઘોર નિષ્ફળતા દર્શાવે છે. હાલમાં ધારાસભ્ય અને પ્રાંત અધિકારી દ્વારા કાયદાકીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

### પ્રતિબંધિત કેમિકલનું નેટવર્ક



એફએસએલની તપાસમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. ફેક્ટરીમાંથી મોટા બોમ્બ બનાવવામાં વપરાતું પ્રતિબંધિત પોટેશિયમ નાઈટ્રેટ કેમિકલનો મોટો જથ્થો મળી આવ્યો છે. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે અહીં સામાન્ય ફટાકડાને બદલે ક્વોરી બ્લાસ્ટિંગ કે આર્મી ગ્રેડમાં વપરાતી અત્યંત ઉચ્ચ ક્ષમતા ધરાવતી દિવેટો બનાવવામાં આવતી હતી.

### પથ્થરો અને પતરા ૫૦૦ મીટર દૂર ઉડ્યા



કપડવંજમાં ડમ્પિંગ સ્ટેશન સામે રહેણાંક વિસ્તારની નજીક શનિવારની સવારે થયેલા આ વિસ્ફોટને કારણે સ્થાનિક રહીશો ભૂકંપના ડરથી ઘરોની બહાર દોડી આવ્યાં હતાં. વિસ્ફોટની તીવ્રતા એટલી હતી કે ફેક્ટરીની દીવાલના પથ્થરો અને પતરા ૫૦૦ મીટર દૂર સુધી જઈને પડ્યા હતા. આખી ફેક્ટરી બળીને ખાખ થઈ ગઈ છે અને દીવાલો ધરાશાયી થઈ ગઈ છે.

### વિના મંજૂરીએ વીજ કંપનીએ સ્પેશિયલ ટ્રાન્સફોર્મર ફાળવ્યું !

આ ફેક્ટરી કોઈપણ સરકારી મંજૂરી વિના ચાલતી હતી, છતાં સરકારી વીજ કંપનીના અધિકારીઓએ તેને અલગથી ટ્રાન્સફોર્મર ફાળવી દીધું હતું. કયા નિયમો હેઠળ અને કોના દબાણમાં આ વીજ કનેક્શન અપાયું ? તે અંગે તપાસની માંગ ઉઠી રહી છે. સ્થાનિક નેતાઓ અને અધિકારીઓના આશીર્વાદ વિના ૨ વર્ષ સુધી આ કાળો કારોબાર ચાલવો અશક્ય હોવાનું કોંગ્રેસ પ્રમુખ નીતિન પટેલે જણાવ્યું છે.

### પરવાના વગર ચાલતી ફટાકડાની ફેક્ટરીમાં દુર્ઘટના: માલિક સામે ગુનો દાખલ

કપડવંજ શહેરની એક ફેક્ટરીમાં ફટાકડાની દીવેટ બનાવતી વખતે સર્જાયેલી દુર્ઘટનામાં બે વ્યક્તિઓ દાઝી ગઈ છે. તપાસમાં બહાર આવ્યું છે કે અમદાવાદના ઈસનપુરનો રહેવાસી મિતુલ પટેલ ભાડે રાખેલી જગ્યામાં કોઈપણ જાતના પરવાના કે ફાયર સેફ્ટીના સાધનો વગર જોખમી રીતે કામ કરાવતો હતો. આ ઘટના સમયે ફેક્ટરીમાં ૧૩ થી ૧૪ લોકો હાજર હતા. આ મામલે કપડવંજ મામલતદારની ફરિયાદના આધારે માલિક વિરુદ્ધ બીએનએસની વિવિધ કલમો અને એક્સપ્લોઝિવ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. સમગ્ર કેસની વધુ તપાસ એસઓજી (SOG) ને સોંપવામાં આવી છે.

---

### પેટલાદના પાળજ ગામમાં બોગસ ખેડૂત કેસમાં પીઆઈએ કાચુ કાપ્યું

# બોસ ખેડૂતના કેસની તપાસમાં બેદરકારી બદલ PI સસ્પેન્ડ

**જમીન કૌભાંડમાં** ખુદ ફરિયાદી બનેલા પીઆઈ બી.એમ. માળીએ તપાસ પોતાની પાસે જ રાખી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૭

પેટલાદ તાલુકાના પાળજ ગામની જમીનમાં બોગસ ખેડૂત પ્રકરણમાં તપાસ અધિકારી તરીકે પોલીસ ઈન્સ્પેક્ટર બી. એમ. માળી દ્વારા બેદરકારી દાખવવામાં આવતા તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ કેસમાં કલમ લગાવવા તથા પોતે જ ફરિયાદી હોવા છતાં તપાસ પોતાની પાસે રાખવા સહિતની વિવિધ પાસાને ધ્યાનમાં લઈ કાર્યવાહી કરવામાં આવી હતી.

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચના પોલીસ ઈન્સ્પેક્ટર ભાર્ગવ એમ. માળી (બી.એમ. માળી) જ્યારે સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે કાર્યરત હતા, ત્યારે પાળજ ગામની સીમમાં આવેલી જમીનમાં અમદાવાદના બે ભાઈઓ - મૈરૂલાલ અને પ્રીતલાલ ચોપરાના નામો બોગસ વારસાઈના આધારે દાખલ કરવામાં આવ્યા હતા. આ બન્ને ભાઈઓની ઉંમર ૫૦ વર્ષથી વધુ હોવા છતાં કાગળ પર માત્ર ૨૦ થી ૨૨ વર્ષ બતાવીને તેમને ખેડૂત બનાવવામાં આવ્યા હતા. આ ખોટા દસ્તાવેજોના આધારે તેમણે બાવળાના ગાગડ ગામની ખેતીલાયક જમીન ખરીદી હતી. આ મામલે તત્કાલીન એસઓજી પોલીસ ઈન્સ્પેક્ટર બી.એમ. માળીએ જાતે ફરિયાદી બનીને પેટલાદ શહેર પોલીસ મથકે ૧૦ જેટલા શખ્સો વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધાવ્યો હતો.

આ કેસમાં તપાસ દરમિયાન એક નવો વળાંક ત્યારે આવ્યો જ્યારે એક તહોમતદારે એસઓજી કચેરીમાં જ ઝેરી ગોળીઓ ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ સમગ્ર મામલો ઉચ્ચ કક્ષાએ પહોંચ્યો હતો. જેની તપાસ દરમિયાન ગંભીર ક્ષતિ જોવા મળી હતી. સૌથી મહત્વની બાબત એ હતી કે, આ બનાવની બી. એમ. માળી પોતે ફરિયાદી હોવા છતાં તપાસ પણ તેમની પાસે જ હતી. તેનાથી પણ મોટી ટેકનિકલ ક્ષતિમાં કલમો લગાડવામાં હતી. આ ગુનામાં આઈપીસીની કલમ લગાવવાની બદલે બીએનએસ લગાવવામાં આવી હતી. આખરે આ તમામ મામલે વિગતવાર અહેવાલ ઉચ્ચ કક્ષાએ કરતાં પોલીસ ઈન્સ્પેક્ટર બી. એમ. માળીને ફરજમાં બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતાં.

### ફરિયાદ થાય તો સમાધાનનો ભય હતો

પેટલાદના પાળજ ગામની જમીનમાં બોગસ ખેડૂત પ્રકરણ અંગે નવઘણ રબારીએ જિલ્લા પોલીસ વડામાં રજુઆત કરી હતી. આ રજુઆતની તપાસમાં હકિકત જણાતા ગુનો દાખલ કરવા સુચના અપાઇ હતી. જોકે, આ બનાવમાં નવઘણ ફરિયાદી બને તો સમાધાનનો ભય હતો અને સમગ્ર પ્રકરણ દબાઇ જાત. આથી, પોલીસ જાતે જ ફરિયાદી બની હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

---

# આણંદમાં ટુ વ્હીલર ચાલકે વૃદ્ધને હડફેટે લેતા મોત

**ફરાર વાહન ચાલક** વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૭

આણંદના હાર્દ સમાન સ્ટેશન રોડ પર ગત ગુરુવારે રાત્રે વધુ એક હિટ એન્ડ રનની ગંભીર ઘટના સામે આવી છે. પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા એક એવિએટર ચાલકે સાયકલ લઈને નોકરી પર જઈ રહેલા ૬૩ વર્ષીય વૃદ્ધને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધનું વડોદરાની હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજતાં પરમાર પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આણંદના ચીખોદરા ગામના રત્ના તલાવડી ખાતે રહેતા સોમાભાઈ અંબાલાલ પરમાર આણંદની શ્રીજી એક્સ-રે હાઉસમાં વોચમેન તરીકે ફરજ બજાવતા હતા. ૨૫મી જૂનની રાત્રે આશરે ૦૮:૧૯ વાગ્યે તેઓ સાયકલ લઈને સુગમ ચશ્માઘર સામેથી પસાર થતી વખતે GJ-23-EF-7524 નંબરના એવિએટરના ચાલકે તેમને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કરને કારણે સોમાભાઈ રોડ પર પટકાયા હતા અને તેમના માથા તેમજ ખભાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેઓ બેભાન થઈ ગયા હતા.

આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત વૃદ્ધને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વડોદરાની SSG હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મૃતકના પુત્ર રામસીંગભાઈ પરમારે આણંદ ટાઉન પોલીસ મથકે વાહન નંબરના આધારે ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા એવિએટર ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને તેને ઝડપી પાડવા માટે કાયદેસરની તપાસ શરૂ કરી છે.

### બેફામ ઝડપે દોડતા વાહનો સામે પગલા ભરવા માંગ

આણંદ શહેરના વિદ્યાનગર રોડ અને સોજિત્રા રોડ પર બેફામ ઝડપે વાહનો દોડતા જોવા મળે છે. અહીં ટ્રાફિક પોલીસનો અભાવ જોવા મળી રહ્યો છે. તેમાંય વિદ્યાનગર રોડ પર રીક્ષા ચાલકો પણ મુસાફરો લેવાની લાલચમાં રેસ લગાવતા હોય તેવું જોવા મળે છે.

---

### આણંદમાં ૫૩૧ તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો

# માર્કશીટ નહીં, કૌશલ્ય ભવિષ્ય નક્કી કરશે : રિવાબા જાડેજા

**ક્ષત્રિય સેના અને** કર્મ ફાઉન્ડેશન દ્વારા આયોજિત સમારોહમાં શિક્ષણ અને મહેસૂલ મંત્રીઓની પ્રેરક ઉપસ્થિતિ



(પ્રતિનિધિ) આણંદ તા.૨૭

આણંદ જિલ્લાના ૫૩૧ જેટલા તેજસ્વી તારલાઓની શૈક્ષણિક સિદ્ધિઓને બિરદાવવા માટે અમૂલ ડેરીના સરદાર પટેલ એસેમ્બલી હોલ ખાતે ક્ષત્રિય સેના અને કર્મ ફાઉન્ડેશન દ્વારા ‘વિદ્યાર્થી સન્માન સમારોહ ૨૦૨૬’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી શ્રી રિવાબા જાડેજા અને મહેસૂલ મંત્રી સંજયસિંહ મહીડાએ વિશેષ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ સમારોહમાં શિક્ષણમંત્રી રિવાબા જાડેજાએ એક મહત્વપૂર્ણ સંદેશ આપતા જણાવ્યું હતું કે, માર્કશીટના ટકા ક્યારેય ભવિષ્ય નક્કી કરતા નથી. તેમણે વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીની સંસ્કૃતિ છોડીને કૌશલ્યવર્ધન તરફ વળવા આહ્વાન કર્યું હતું. તેઓએ સ્પષ્ટ કર્યું હતું કે સાચું શિક્ષણ એ છે જે દેશભક્તિ જગાડે અને સાચા-ખોટાનો ભેદ પારખવાની મક્કમતા આપે. તેમણે ૨૧મી સદીના પડકારો ઝીલવા માટે નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ અને સરકારના ‘આઈ-હબ’ જેવા પ્રોજેક્ટ્સનો લાભ લેવા યુવાનોને પ્રેરિત કર્યા હતા.

બીજી તરફ, મહેસૂલ મંત્રી સંજયસિંહ મહીડાએ ડિજિટલ યુગના જોખમો સામે લાલબત્તી ધરતા યુવા પેઢીને ઓનલાઈન ગેમિંગ, સાયબર ફ્રોડ અને ડ્રગ્સ જેવા સામાજિક દૂષણોથી સજાગ રહેવા હાકલ કરી હતી. તેમણે દીકરીઓને શિક્ષણ દ્વારા આત્મનિર્ભર બનવા અને ગમે તેટલી સફળતા મળે તો પણ માતા-પિતા અને ગુરુના ત્યાગને ન ભૂલવાની શીખ આપી હતી.

આ સમારોહમાં ધોરણ ૧૦, ૧૨ ઉપરાંત સ્નાતક, પીએચડી અને જીપીએસસી/યુપીએસસી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ થયેલા ૫૩૧ વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ટ્રોફી અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે આણંદના મેયર દિપીકાબેન પટેલ સહિત અનેક અગ્રણીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---

# પીપળાવ દૂધ મંડળીમાં સભાસદોને ૨૮ % લેખે ૧.૪૫ કરોડના બોનસ અપાશે

**ખેતી કરતાં** પશુપાલનથી વધુ આવકનો નવો ટ્રેન્ડ

**ચાર પેઢીના સેવાકીય** વારસા સાથે શ્વેતક્રાંતિનો ‘હાઈટેક’ અધ્યાય શરૂ

(પ્રતિનિધિ) સોજિત્રા તા.૨૭

આણંદ જિલ્લાની સહકારી ચળવળમાં પીપળાવ દૂધ ઉત્પાદક સહકારી મંડળીએ એક નવો સુવર્ણ ઈતિહાસ રચ્યો છે. ૨૭મી ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ મંડળીના નવા અત્યાધુનિક અને હાઈટેક ભવનનું શાસ્ત્રોક્ત વિધિ સાથે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડળીએ તેના સભાસદોને રૂ. ૧ કરોડ ૪૫ લાખનું વિક્રમી બોનસ ચૂકવવાની જાહેરાત કરી છે, જે ૨૮% જેટલો જંગી વધારો દર્શાવે છે.

સૌથી મહત્વનો પાસું એ છે કે પીપળાવ ગામમાં હવે ખેતી કરતા પશુપાલન દ્વારા થતી આવક વધી ગઈ છે. મંડળીના ચેરમેનના જણાવ્યા અનુસાર, પશુપાલકો ગામની આર્થિક કરોડરજ્જુ બન્યા છે. છેલ્લા ૧૪ વર્ષથી સતત ૨૫%થી વધુ બોનસ આપતી આ મંડળીએ પારદર્શિતા અને સદ્ધરતાનો નવો માપદંડ સ્થાપિત કર્યો છે.



આ મંડળીનો પાયો ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૫૮ના રોજ શ્વેતક્રાંતિના પ્રણેતા ત્રિભોવન કાકાના સહયોગથી મણીભાઈ પટેલે નાખ્યો હતો. તેમના પૌત્ર અને ‘ટેસ્ટ ઓફ ખેડૂત’ તરીકે જાણીતા તેજસભાઈ બીપીનભાઈ તથા અમૂલ ડેરીના ડિરેક્ટર બીનાબેન તેજસભાઈના હસ્તે આ નવા ભવનનું ખાતમુહૂર્ત થયું છે, જે પરિવારની ચોથી પેઢીના સેવાકીય વારસાને આગળ ધપાવે છે.

### ભવિષ્યનું વિઝન, મોલ અને મહિલા રોજગારી

આગામી સમયમાં બનનારા નવું ભવન માત્ર દૂધ એકત્રીકરણ કેન્દ્ર નહીં, પણ એક આર્થિક હબ બનશે. જેમાં ગ્રાહકો માટે અદ્યતન મોલ અને ગ્રામીણ મહિલાઓ પશુપાલન સિવાય પણ પગભર બની શકે તે માટે ખાસ રોજગારીના અવસરો ઉભા કરવામાં આવશે. મંડળીના આ પ્રગતિશીલ અભિગમને સમગ્ર પશુપાલક આલમે ખુલ્લા દિલથી વધાવી લીધો છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225